ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૯ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં સતત વધતો ધમધમાટ

શહેરમાં ક માર્ગ, જ માર્ગ, સરગાસણ, કુડાસણના માર્ગો પર ટ્રાફિક જામ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શપથવિધિ કાર્યક્રમ તથા નવા મંત્રીમંડળને લઈ બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે. નવા મંત્રીમંડળની રચના માટે શપથવિધિ કાર્યક્રમ અંતર્ગત તાબડતોબ રીતે ભાજપા ધારાસભ્યોને ગાંધીનગર ખાતે બોલાવી લેવાયા હતા. જેના કારણે આ દિવસોમાં વાહનોની અવરજવર અને માર્ગો પર ભીડ જોવા મળી રહી છે. ક રોડ, જ રોડ, કુડાસણ અને સરગાસણ માર્ગો પર વાહનોની અવરજવર વધી ગઈ છે. જેમાં વીવીઆઈપી સાધનો, પોલીસ કાફલાઓ વગેરે મોટા પાયે આ માર્ગો પર જોવા મળી રહ્યા છે.

નવા મંત્રી મંડળના શપથવિધિ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતભરના કાર્યકરોને આમંત્રણ આપવામાં આવ્યું છે. જેથી માર્ગો પર સુરક્ષાના કાફલાઓ ખડેપગે ગોઠવી દીધા છે. પોલીસ તંત્ર દ્વારા શહેરમાં સતત પેટ્રોલિંગ અને ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં પ્રવેશતા દરેક માર્ગો પર સતત ટ્રાફિક જામ જોવા મળી રહ્યો છે. શહેરમાં મોટા



ભાગના માર્ગો પર સામાન્ય દિવસોમાં ભીડ જોવા મળતી નથી પરંતુ વર્તમાન સમયમાં ગણેશચતુર્થી પણ એક કારણભૂત છે. જેમાં ગણેશોત્સવ નિમિત્તે ભકતો દ્વારા વિસર્જન કરવા માટે ગણેશજીના વરઘોડા ડીજે સાથે માર્ગો પર નીકળી રહ્યા છે. જેના કારણે થોડી ઘણી ભીડ જોવા મળે છે. ઉપરાંત વર્તમાન નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના શપથવિધિ કાર્યક્રમના આયોજન અર્થે માર્ગો પર ચક્કાજામ થઈ રહ્યા છે. ગાંધીનગરમાં ટ્રાફિકની સમસ્યાઓ સામાન્ય દિવસોમાં જોવા મળતી નથી પરંતુ નવા મંત્રી મંડળની રચના થવાથી ગાંધીનગર ખાતે મંત્રીઓ અને ધારાસભ્યના કાફલાઓ માર્ગો પર વધી જતા વીઆઈપી માર્ગો પર ચક્કાજામની પરિસ્થિતિ દિવસ રાત જોવા મળે છે.

સતત ત્રણ ચાર દિવસથી હોટલો અને રેસ્ટોરન્ટસમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. બહારથી આવેલા મહેમાનો તથા અન્ય સેવકો અને સુરક્ષા જવાનો માટે હોટલો અને રેસ્ટોરન્ટસમાં ભોજન માટે તથા રહેવા માટે બુકીંગ કરેલા હોવાથી હોટલો અને રસ્ટોરન્ટસમાં તેજીનો માહોલ છવાઈ ગયો છે.

નવા મુખ્યમંત્રીના શપથવિધિ કાર્યક્રમ અંતર્ગત મીઠાઈઓની દુકાનો, ફૂલોના બુકેવાળા સૌથી વધારે તેજીમાં છે કારણકે આવા પ્રસંગે મીઠાઈઓ અને બુકે સૌથી વધારે આપવામાં આવે છે. બુકેની દુકાનોમાં ફુલોની અછત વર્તાવા લાગી છે. મીઠાઈઓની દુકાનોમાંથી જથ્થાબંધ મીઠાઈઓ વેચાઈ રહી છે.

વોર્ડ નંબર ૧૦ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો દ્વારા ડોર ટુ ડોર પ્રચાર કરવા માટે શંકરભાઈ ચૌધરીના ઘરે તથા સેક્ટર-૧ના આશિષભાઈ દવે પૂર્વ ચેરમેન ગુડા કચેરી તથા એનપી પટેલ તથા પ્રમુખશ્રી મનીષભાઈ પટેલ મા.મંત્રીશ્રી કાર્યકર્તા ઉત્સવ વિજય સંકલ્પ કરવામાં આવ્યો હતો.

સ્વર્ણિમ સ્ટાર્ટ અપ યુનિવર્સિટી દ્વારા વિશ્વ ફિઝીયોથેરાપી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

સ્વર્ણિમ સ્ટાર્ટ અપ અને ઈનોવેશન યુનિવર્સિટી ખાતે વિનસ ઈન્સ્ટિટયૂટ ઓફ ફિઝિયોથેરાપીએ વિશ્વ ફિઝિયોથેરાપી દિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ડૉ. ઉમાશંકર મોહંતી હાજર રહ્યા હતા. ઉપરાંત ડૉ. તન્વી વ્યાસ, ડૉ. રીમા પંડયા, યુનિવર્સિટીના પ્રો. વોસ્ટ ડૉ. કાર્તિક જૈન, સ્વર્ણિમ હેલ્થ સાયન્સના એકેડેમિક ડિરેકટર હિરેન કડીકર તેમજ વિનસ ઈન્સ્ટિટયૂટ ઓફ ફિઝીયોથેરાપીના આચાર્ય ડૉ અરવિંદ કુમાર ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ ફિઝિયોથેરાપી દિવસની ઉજવણીના ભાગરૂપે સિંગિગ, રંગોલી સ્પર્ધા, કિવઝ કોમ્પિટીશન, પોસ્ટર પ્રેઝન્ટેશન લોંગ કોવીડ પર આધારિત સ્કીટ અને વિદ્યાર્થીઓ દ્વારા ફિઝીયોથેરાપી સાથે સંબંધિત ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેરના પ્રશ્નોની ચર્ચા અને મહાનગર પાલિકાના કમિશનર દ્વારા કચરો અલગ અલગ કરીને આપવા માટે નાગરિકોને નવા ડસ્ટબીન નહીં આપવાના કરાયેલા નિર્ણય સામે જનજાગૃતિ અભિયાન ચલાવવાના ભાગરૂપે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં વસાહતીઓને જાગૃત કરી આંદોલનના આશ્ચર્યજનક કાર્યક્રમોનું આયોજન કરવા સહિતના ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા આ બેઠકમાં વસાહત મહાસંઘના હોદ્દેદારો સહિત શહેરના અનેક બુદ્ધિજીવી અગ્રણી નાગરિકો પણ જોડાયાં હતાં.

આજે આર.જી. પટેલ સ્કૂલ ખાતે વિશ્વ ઓઝોન દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૫

આર.જી. પટેલ સ્કૂલ ખાતે વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી અંતર્ગત સેમિનાર અને ઓનલાઈન કવીઝ સ્પર્ધા યોજાશે. જે તારીખ ૧૬ને સવારે ૧૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત છે. જેમાં મુખ્ય વકતા હેમંત સુથાર-પૂર્વ ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેટસ્ટ, જીપીસીબી પ્રાદેશિક કચેરીના અધિકારીઓ તેમજ મહેમાન તરીકે ડૉ. અનીલ પટેલ (મેનેજીંગ ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર) ગીતેશભાઈ પટેલ(પ્રિન્સિપાલ) ઉપસ્થિત રહેશે. વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન કવીઝ સ્પર્ધાનું પણ આયોજન કરેલ છે. જેની વધુ માહિતી **www.ncscgnr.org** પરથી મેળવી શકાશે.

સેકટર-૨૮ની પ્રાથમિક શાળા નં.૧ અને નં.૨ના બાળકોને ફુલસ્કેપ ચોપડાની સાથે પેન-બિસ્કીટ અને પેન્સિલનું વિતરણ કરવામાં આવ્યું હતું. જલિયાણ સેવા સંસ્થા દ્વારા ગણેશોત્સવ તથા સુદ સાતમ નિમિત્તે બાળકોને વિવિધ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં હિન્દી દિવસની ઉજવણી

રાંધેજા ખાતે આવેલ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શિક્ષકોએ બાળકો માટે કાવ્યગાન સ્પર્ધા યોજી હતી.

ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ગણેશ ચતુર્થીની ઉજવણી



ગાંધીનગર, તા.૧૫

રાંધેજા ખાતે આવેલ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ ગણપતિ દાદાની પૂજા અને આરતી કરી હતી તથા બાળકોને ગણપતિ દાદાની વાર્તા કહીને મહત્વ સમજાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા સ્લોગન સ્પર્ધામાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વિદ્યાર્થીની પ્રથમ

ગાંધીનગર, તા.૧૫

આસ્થા હેલ્પલાઈન અને ગાંધીનગર જિલ્લા પોલીસના સંયુકત ઉપક્રમે સ્લોગન સ્પર્ધાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્યના ૮ તેમજ મનવિજ્ઞાનના ૪ મળી કુલ ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ સ્પર્ધામાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગની વિદ્યાર્થિની કુ.મોનિકા શિકારીનું સ્ગોલન "જીવવાનો અભિગમ જીવંત રાખો, બાદશાહી બહાર ભીતર સંત રાખો, ખુદને જીતો ખુદને પામો, આત્મહત્યા નિવારો" સ્પર્ધામાં મેદાન મારી ગયું હતું. કુ. મોનિકાએ ગાંધીનગર જિલ્લામાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. જિલ્લા પોલીસ વડા શ્રી મયૂરસિંહ ચાવડાના વરદ હસ્તે કુ.મોનિકાનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં ઈસુદાનનો સપાટો

કોલવડા ખાતે આમ આદમી પાર્ટીની ચુંટણી સભા યોજાઈ હતી. જેમાં પ્રદેશ નેતા ઈસુદાન ગઢવીની હકડેઠઠ જનમેદની ઉમટી પડી હતી અને તેમને ધીરજપૂર્વક સાંભળ્યા હતા. આ ઉપરાંત સે.૩૦માં વીર સાવરકરનગર ખાતે પણ ઈસુદાન ગઢવીએ ગણેશ ઉત્સવમાં હાજરી આપી સંબોધન કર્યુ હતુ.

સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ભાટ ખાતે એન્જિનિયર દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ભાટ ખાતે એન્જિનયિર દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રિયલ ટાઈમ બિઝનેસ રિલેટેડ પ્રોજેકટનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. આ દરમિયાન અમદાવાદના મેયર કિરીટ પરમાર અને શૈલેષ મહેતા મેનેજિંગ ડાયરેકટર મહેતા પ્રાઈવેટ લિ. ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેકટમાંથી ૧૮ જેટલા પ્રોજેકટ એસએસઆઈટી ઈકયુબેસન સેન્ટર દ્વારા પસંદગી પામેલ છે. આ સંસ્થા વિદ્યાર્થીઓને ભાવિ બિઝનેસમેન બનાવવા માટે કાર્યરત છે. ડૉ. હિતેષ વંડરા (પ્રિન્સિપાલ) એ પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું.

એસ.જી. અને એસ.વી. શાળામાં હિન્દી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ રાષ્ટ્રભાષા હિન્દીની અગત્યતા સમજે અને તેના વિકાસ અર્થે હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ પાસે ઓનલાઈન શપથવિધી લેવાનું આયોજન કરાયું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓએ હિન્દી ભાષાનું મહત્વ દર્શાવતા કાવ્યોનું ગાન કર્યું હતું.

ઓલિમ્પિક થીમ પર આધારિત શણગાર કરી સેકટર-૮માં ગણેશોત્સવ.!

ગાંધીનગર, તા.૧૫

સેકટર-૮માં સ્થિત સાહિત્યકારના નિવાસસ્થાને પ્રતિ વર્ષની જેમ પરંપરાગત રીતે ગણપતિ દાદાની સ્થાપના કરવામાં આવી હતી. દર વર્ષે અલગ અલગ થીમ પર ડેકોરેશન કરવામાં આવે છે. ગયાં વર્ષે કોરોના વોરિયર્સ તો એનાં આગળના વર્ષે ચંદ્રયાન થીમ પર શણગાર કરવામાં આવ્યો હતો. માટીના ગણપતિ મૂર્તિ માટે આ વખતે ઓલિમ્પિકને ધ્યાનમાં રાખીને ડેકોરેશન કરવામાં આવ્યું હતું.

ગણપતિ દાદાને વેઈટ લિફ્ટિંગ અને જેવેલીન પોઝમાં દર્શાવતા મોટી સાઈઝના બેનર બનાવ્યા હતા. જ્યારે ગણપતિ દાદાના બેક ગ્રાઉન્ડમાં ઓડિયન્સ અને બેઠકની જગ્યાએ ફૂટબોલ ગ્રાઉન્ડ બનાવ્યું હતું. સંજય થોરાતના દાદા સ્વ. શંકરરાવ રામરાવ થોરાત કે જેઓ ગુજરાતના પ્રથમ ઓલિમ્પિક પ્લેયર હોવાનું સન્માન ધરાવે છે એમની વિગતો મુકી હતી. આખા

રૂમમાં હોકી, ફૂટબોલ, ચેસ, વેઈટ લિફ્ટિંગ, શોટપુટ, ડિસ્કસ, બેડમિન્ટન, બાસ્કેટબોલ જેવા રમત ગમતના સાધનો ડિસ્પ્લે કર્યા હતાં.

ઘર આંગણે યોજાયેલા આ ગણેશોત્સવમાં સાહિત્યસભાના સભ્યો કવિ શ્રી કિશોર જિકાદરા, રમેશભાઈ ઠક્કર, કલ્પેશભાઈ પટેલ, પ્રતાપસિંહ ડાભી, રમણભાઈ વાઘેલા હાજર રહી ગીત ગઝલ સંભળાવી હતી. ગાંધીનગરના પૂર્વ ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરની સાથે ડો. દિનેશ ગક્કર, નિમેષ જોશી, વિપુલ પટેલે તો પૂર્વ મેયર રીટાબહેન પટેલ સાથે પારૂલ મહેતા, સેજલ વાળા ગણપતિ દાદાની આરતી ઉતારી હતી. આ પ્રસંગે ડો. મહિપતસિંહ પરમાર, ડો. પૌલમી પરમાર, ભરત ઠાકર, શૈલેષ પંડયા તથા પરમ ગક્કર ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની શિક્ષિકા ડોલી ક્રિશ્ચિયન, સ્મિતા એન્જિનિયર, શૈલા જોષી, લીના મહેતા અને દિશા શર્મા પણ હાજર રહ્યાં હતાં. અનન્યા થોરાતે દરરોજ આરતીમાં ગણપતિ અથર્વશિર્ષનું પઠન કર્યું હતું. પર્યાવરણને નુકસાન ન થાય તે માટે ઘર આંગણે જ ગણપતિ વિસર્જન કરવામાં આવ્યું હતું.

એસ.એસ.વી. શાળામાં આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

એસ.એસ.વી. શાળામાં આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની ઉજવણી

કરવામાં આવી હતી. અત્યારે અફઘાનિસ્તાન તાલીબાનના હાથમાં છે ત્યારે તે લોકો માટે લોકશાહી હવે ભૂતકાળ બની ગઈ છે એવા સમયે દુનિયા આજે આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની ઉજવણી કરી રહી છે આ દિવસનો હેતુ દુનિયાભરમાં લોકશાહી અંગે જાગૃતિ લાવવાનો છે. દુનિયાને એ યાદ અપાવવાનો છે કે લોકશાહી એટલે લોકોની, લોકો દ્વારા અને લોકો માટેની શાસન વ્યવસ્થા, દુનિયાની તમામ વ્યવસ્થાઓમાં લોકશાહી વ્યવસ્થા શ્રેષ્ઠ છે. કેમ કે તેમાં દરેક વ્યકિત પોતાના માનવાધિકારો મેળવે છે. તેમાં સ્વતંત્રતા સૌથી મોટો અધિકાર છે. શાળાના વિદ્યાર્થીઓએ શિક્ષકની મદદથી લોકશાહી દેશની સમજ મેળવી હતી.

કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન સે-૨૮ ગાંધીનગર ખાતે ગણેશ ચતુર્થીના દિવસે ગણેશજીની સ્થાપના, પૂજા અર્ચના તેમજ આરતી બધાંઓ સાથે મળીને કરી હતી. કલ્પતરૂ કંપનીના કર્મચારી એક પારીવારિક ભાવના સાથે રહે છે. બધા જ તહેવાર એક સાથે મળીને મનાવે છે. આ પ્રસંગે અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા નૃત્ય સ્પર્ધાનું પરિણામ જાહેર

ગાંધીનગર, તા.૧૫

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સોલો નૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના નગરજનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ત્રણ જૂથમાં રાખવામાં આવી હતી. જેમાં ગ્રુપ એ ૫ થી ૧૧વર્ષ, ગ્રુપ બી ૧૨ થી ૧૮ વર્ષ, ગ્રુપ સી ૧૯ થી ૨૫ વર્ષના સ્પર્ધકો હતા. જેમાં કુલ ૭૨ સોલો ડાન્સ પ્રાપ્ત થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ભાવિનાભાઈ પટેલ, ગાર્ગી ઠકકર, જીતેન્દ્ર ચૌહાણે ભૂમિકા ભજવી હતી. જેમાં ગ્રુપ એમાં પ્રથમ ક્રમે સ્વરા જોષી, બીજા ક્રમે વૈષ્ણવી પવાર, ત્રીજા ક્રમે સ્વરા પ્રજાપતિ વિજેતા રહ્યા હતા. ગ્રુપ બીમાં પ્રથમ પ્રાચી પ્રજાપતિ, બીજા ક્રમે ખુશી વૈષ્ણવ, ત્રીજા ક્રમે વિભૂતિ શાહ તથા ગ્રુપ સીમાં પ્રથમ અમીષા સોની, બીજા ક્રમે તૃશીતા ગુપ્તા અને ત્રીજા ક્રમે અનીષા દાંતાન્યા વિજેતા રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનોજભાઈ શુકલા અને મિતુલભાઈ જોશીએ કર્યું હતું.

જન્મદિને વધામણી

નરેન્દ્રભાઈ એલ મંડીર
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

ઓમ કાર્તિક પટેલ
મો. ૯૪૨૮૭ ૩૪૪૪૮

દિપ સંજયભાઈ પટણી
મો. ૯૯૦૯૭ ૧૭૮૨૧

હેતકુમાર એ પરમાર

મહેન્દ્રસિંહ ભાટી
મો. ૮૨૦૦૮ ૧૧૩૩૯

નૈમેષ
મો. ૭૩૫૯૮ ૦૮૬૨૩